BRAMPTON **Service and Information Update**

10 ઑક્ટોબર 2023

# ટિકિટ અને દંડ ભરપાઇ સામે વાંધો ઉઠાવવા માટે હવે સિટી ઓનલાઇન વિકલ્પ રજૂ કરે છે.

બ્રૅમ્પટન, ઓન્ટારિઓ - સિટી ઓફ બ્રૅમ્પટનની એડમિનિસ્ટ્રેટિવ પેનલ્ટી સિસ્ટમ (APS) હવે તેમના નવા ઓનલાઇન પ્લેટફોર્મ પરથી ટિકિટની ભરપાઇ કરવા અથવા તેની સામે વાંધો ઉઠાવવાની પ્રક્રિયા વધુ સરળ બનાવી રહ્યા છે. નવું ઓનલાઇન પ્લેટફોર્મ 16 ઑક્ટૂબર 2023ના રોજથી ઉપલબ્ધ થશે.

APS સમીક્ષા કરવા અને પાર્કિંગ અથવા અન્ય બાય-લૉ દંડની રકમની ચુકવણી માટેની એક ઝડપી અને લવચીક પ્રણાલી છે. તેની રચના અમલીકરણ પ્રક્રિયાને સુગમ બનાવવા માટે થઈ છે તેમજ સિટી ઓફ બ્રૅમ્પટનના બાય લૉનું ન્યાયી, અસરકારક અને કાર્યક્ષમ રીતે પાલન વધુને વધુ થાય તે માટે થઈ છે.

આ અમલીકરણના ટૂલના માધ્યમથી બાય લૉના વિવાદો ન્યાયાલયમાંથી મ્યુનિસિપાલિટીને તબદીલ કરવામાં આવશે જે સ્વતંત્ર સ્ક્રીનિંગ અને સુનાવણી સમીક્ષા અધિકારીઓના માધ્યમથી થશે જેઓ દંડની પુષ્ટિ કરી શકે, ઘટાડી શકે કે રદ કરી શકશે.

**દંડની પ્રક્રિયા વિશે:**

દંડની નોટિસ પ્રાપ્ત કરનાર વ્યક્તિઓ આમ કરી શકશે:
- પેનલ્ટી નોટીસની ચુકવણી કરે અથવા
- સ્ક્રીનિંગ અધિકારીની સમીક્ષાની વિનંતી કરે

સ્ક્રીનિંગ સમીક્ષાઓ હવે ઓનલાઇન લેખિત રજૂઆતના માધ્યમથી પૂર્ણ કરી શકાશે જેની સ્ક્રીનિંગ અધિકારી સમીક્ષા કરશે અને પૂર્ણ કરશે જેમની પાસે દંડની પુષ્ટિ કરવાના અને ઘટાડવાના અથવા રદબાતલ કરવાના અધિકાર હશે.

જો કોઇ વ્યક્તિ સ્ક્રીનિંગ અધિકારીના નિર્ણય સાથે સહમત ન હોય તો તેમની પાસે નિર્ણય પછી 15 દિવસ જેટલો સમય સુનાવણી સમીક્ષા મિટિંગની વિનંતી કરવા માટે રહેશે. સુનાવણીની સમીક્ષા ઓનલાઇન વર્ચ્યુઅલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને થશે.

સુનાવણી અધિકારીનો નિર્ણય સુનાવણીની સમીક્ષા મિટિંગ બાદ અંતિમ રહેશે.

**લિંક:**

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

વધુ જાણકારી માટે અથવા પેનલ્ટી નોટિસ ચુકવવા કે વિવાદ કરવા કૃપા કરીને અહીં મુલાકાત લો:
www.brampton.ca/courtservices

-30

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca